# “આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારતીય હીરાઉધોગનો વિકાસ અને વિસ્તાર”

**ડૉ. અસ્મીતા વી. પાનસુરીયા.**

**અધ્યાપક સહાયક (અર્થશાસ્ત્ર)**

**શેઠ સી.ડી.બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત.**

**Email: asmitapansuriya543@gmail.com**

## એબસ્ટ્રેક્ટ

પ્રસ્તુત અભ્યાસ ભારતીય હીરા ઉદ્યોગના વિકાસ અને વિસ્તારને લગતો છે ભારતના હીરા વૈશ્વિક સ્તરે ખૂબ જ પ્રખ્યાત છે ભારતમાં હીરા બનાવવાનો ખર્ચ ઓછો આવે છે તેમજ હીરો બનાવનાર રત્નકલાકાર ખૂબ જ કુશળ અને મહેનતુ હોવાથી વર્તમાનમાં ભારતનો હીરા ઉદ્યોગે ખૂબ જ નામના મેળવી છે. પ્રસ્તુત અભ્યાસ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારતીય હીરા ઉદ્યોગનો વિકાસ અને વિસ્તાર કેવો છે તેને લાગતો છે પ્રસ્તુત અભ્યાસ ભારતીય હીરા જેની સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલા છે તેવા ઉદ્યોગો જેવા કે કલર જેમ સ્ટોન, ગોલ્ડ જ્વેલરી, જેમ્સ એન્ડ જ્વેલરી, સિલ્વર જ્વેલરી અને સિન્થેટિક હીરા વગેરે ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય કક્ષાએ કયા ક્રમ પર આવે છે તેને લગતો છે, તેમજ વૈશ્વિક સ્તરે હીરાની નિકાસ ક્ષેત્રે ભારત કેટલા ટકા હિસ્સો ધરાવે છે? તેને લાગતો છે વર્ષ 2023 અને વર્ષ 2024માં ભારતીય હીરા ઉદ્યોગના આંતરરાષ્ટ્રીય સ્તરે થયેલા ફેરફાર જાણવાનો છે જેથી હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલ દેશો વચ્ચે તુલના કરી શકાય. પ્રસ્તુત અભ્યાસનો હેતુ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું સ્થાન કેવું છે?તે જાણવાનો છે.


## પ્રસ્તાવના

ભારતીય હીરા ઉદ્યોગ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખુબજ પ્રતિષ્ઠિત ઉદ્યોગ છે. હીરાની ખાણો મુખ્યત્વે આફ્રિકામાં આવેલી છે, તે ઉપરાંત રશિયા અને ઓસ્ટ્રેલિયાથી પણ મોટા જથ્થામાં હીરા મળી આવે છે. વિશ્વમાં ઓસ્ટ્રેલિયા, બોટસ્વાના, કેનેડા, નામિબિયા, રશિયા, સિયેરા લિયોન, દક્ષિણ આફ્રિકા, બ્રાઝિલ, વેનેઝુએલા, ચીન, ભારત, ઇન્ડોનેશિયા, સેન્ટ્રલ આફ્રિકા, રિપબ્લિક કોંગો, ગુઆના, આયવરી કોસ્ટ, ઝિમ્બાબ્વે જેવા દેશો હીરાના ઉત્પાદનમાં અગ્રસ્થાને છે મૂલ્યની દ્રષ્ટિએ હીરાના ઉત્પાદનમાં આફ્રિકા ખંડમાં આવેલો દેશ બોટસવાના રફ હીરાના ઉત્પાદનમાં પ્રથમ ક્રમે આવે છે. ભારત રફ ડાયમંડની આયાત કરી પોલિશ્ડ ડાયમંડ તૈયાર કરી નિકાસ ક્ષેત્રે પ્રથમ ક્રમે આવે છે. આમ, ભારત દેશમાં કાચા માલ તરીકે રફ ડાયમંડ ખૂબ જ ઓછા મળી આવે છે છતાં આયાત કરેલા હીરાને સુંદર આકાર આપી વૈશ્વિક સ્તરે સૌથી વધુ નિકાસ કરતો દેશ ભારત છે, જે પ્રસ્તુત અભ્યાસ પરથી જાણી શકાશે.

## સંશોધન સંબંધિત મહત્વના સાહિત્યનું અવલોકન

**૧) બીપીન મલિક, ડો.મનોરંજન શર્મા અને અથર ઈમામ રજા (2024)** ભારતનો હીરા ઉદ્યોગ: વલણો તકો અને પડકારો શીર્ષક હેઠળ રજૂ કરાયેલ સંશોધન પત્રનો મુખ્ય હેતુ ભારતના હીરા ઉદ્યોગના વલણો અને તકો તેમજ પડકારો તપાસવાનો હતો. સંશોધકના મતે ભારત વિશ્વનો કટ અને પોલિશ્ડ હીરા બનાવનાર મોટામાં મોટો દેશ છે તેમના અભ્યાસમાં વિશ્વના હીરા બનાવનાર દસ દેશોનના કુદરતી હીરા, લેબગ્રોન તેમજ સિન્થેટિક હિરાના નિકાસને લગતા વલણોની તપાસને લગતો હતો. આ અભ્યાસ વૈશ્વિક સ્તરે ભારતીય હીરાની નિકાસનું સ્થાન તપાસવા અંગેનો છે. સંશોધકના મતે ભારતનું સુરત શહેર કટ અને પોલિશ્ડ હીરાનું હબ ગણાય છે. સંશોધકના માટે ભારતીય હીરા ઉદ્યોગ હાલમાં અનેક પડકારોનો સામનો કરી રહ્યો છે આ પડકારોમાં ઈન્વેન્ટરી, રોકડ પ્રવાહ પર દબાણ, વ્યવસાય માટે ધિરાણ તેમજ હીરાની ગુણવત્તા અંગેની ચિંતાઓ વગેરે ગણાવ્યા હતા. આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મકતાને વધુ નબળી બનાવવા માટેના મુખ્ય કારણ તરીકે ઉપરોક્ત પડકારો ગણાવ્યા હતા.

**૨) સારા મિત્તલ(2024):** હીરા ઉદ્યોગના પડકાર અને તકો: સુરતના હીરા ઉદ્યોગના સંદર્ભમાં. શીર્ષક હેઠળ હીરા ઉદ્યોગને લગતા પડકાર અને તકો શોધવા અંગેનો છે. પ્રસ્તુત અભ્યાસ પ્રાથમિક અને ગૌણ માહિતી પર આધારિત છે. સંશોધકના મતે ભારતીય હીરા ઉદ્યોગની લાંબી પરંપરા અને સ્થાનિક પ્રથા છે. સુરત શહેર ભારતમાં હીરા પરના તમામ કાર્ય માટે મુખ્ય કેન્દ્ર સ્થાને છે. સંશોધકના મતે સુરત અને ભારતીય હીરા ઉદ્યોગના વિકાસને સૌથી વધુ રાજકીય અને વહીવટી પરિબળો અસર કરે છે. અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ સુરત શહેરના હીરા ઉદ્યોગનું ભારતીય હીરા ઉદ્યોગના વિકાસમાં કેવું યોગદાન છે તે બાબતને લગતો હતો સંશોધન અભ્યાસના મુખ્ય તારણોમાં દેશના હીરા ઉદ્યોગના વિકાસ માટે સરકારી સપોર્ટ, કુશળ માનવ શક્તિ, માળખાગત સુવિધાઓની ઉપલબ્ધતા વગેરે મૂળભૂત બાબતો ગણાવી હતી, તેમજ વર્તમાનમાં બદલાતી વ્યવસાય પદ્ધતિને પડકાર જનક ગણી હતી.

**3) શાનુ બિજલાની(2024)** હીરા ઉદ્યોગનું ભવિષ્ય: પડકારો અને તકોનો સામનો કરવો શીર્ષક હેઠળના સંશોધન પત્રમાં હીરા ઉદ્યોગનું ભવિષ્ય, પડકારો અને તકો કેવી રહેલી છે તે બાબત અંગેનો હતો. સંશોધકના મતે હીરાનો સૌથી મોટો ગ્રાહક યુનાઈટેડ સ્ટેટ્સ છે. વૈશ્વિક કક્ષાએ હીરાની માંગમાં 50% થી વધુ માંગ યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા કરવામાં આવે છે. સંશોધકના મતે વર્તમાન પરિસ્થિતિ પડકાર જનક લાગી રહી છે પરંતુ લાંબાગાળે વસ્તી વૃદ્ધિ, મધ્યમ વર્ગમાં સુધારો, સંપત્તિમાં વધારાના કારણે ૨૦ થી ૩૦ વર્ષ સુધી ભારતીય હીરા ઉદ્યોગની તકોમાં વધારો થવાની સંભાવના છે. સંશોધકના મતે ભારત ચીનને પાછળ છોડી બીજા ક્રમના સૌથી મોટા હીરા બજાર તરીકે ઉભરી રહ્યું છે, જે ભારતીય હીરા ઉદ્યોગના આશાસ્પદ સંકેતો દર્શાવે છે. વર્તમાનમાં વૈશ્વિક સ્તરે હીરાની માંગમાં ઘટાડો થવાથી ખાણ કંપનીઓ ઉત્પાદન ઘટાડા અને ભાવ ઘટાડાનો સામનો કરી રહી છે, ઉંચા ભાવો ખાણોમાં હીરા કાઢવાની પ્રવૃત્તિને વેગ આપતા હોય છે જ્યારે નીચા ભાવના કારણે વૈશ્વિક સ્તરે ખાણ કંપનીઓએ ઉત્પાદનમાં ઘટાડો કર્યો છે. તેમજ ભાવ ઘટવાને કારણે હીરાની ખાણોમાં કામ કરતી કંપનીઓનું નફાનું પ્રમાણ પણ ઘટવા પામ્યું છે. આમ, અભ્યાસ સમયે દક્ષિણ આફ્રિકા અને કોંગોની ખાણોના ઉત્પાદનમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. આમ, સંશોધકે પ્રસ્તુત સંશોધન પત્રમાં હીરાઉદ્યોગના ભવિષ્ય અંગેના પડકારો અને તકો અંગે ઉપરોક્ત પ્રમાણે તારણો મેળવ્યા હતા.

**૪) ડો સુનિલ પી. પરમાર અને કુમારી ભૂમિકા એન. વામજા(2020)** ભારતીય અર્થતંત્રમાં હીરાની ભૂમિકા પરનો એક અભ્યાસ નામના શીર્ષક હેઠળ હાથ ધરવામાં આવેલ સંશોધન પત્રમાં સંશોધક કે ભારતીય હીરાના રત્નો અને ઝવેરાતના ઉદ્યોગને એક મહત્વનું ક્ષેત્ર ગણ્યું છે, કારણ કે તે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય બજારોમાં લોકપ્રિય છે. પ્રસ્તુત સંશોધનપત્ર ગૌણ માહિતી પર આધારિત છે. હીરાના ઝવેરાતના માર્કેટિંગમાં આવેલા ફેરફારોનું સંશોધન કર્યું છે. ભારતીય હીરા રત્નો અને ઝવેરાતનો ઉદ્યોગ દેશમાં મોટાપાયે રોજગારીનું સર્જન કરતો હોવાથી અને વિદેશી હુંડીયામણ રળી આપતો હોવાથી સરકારે હીરા ઉદ્યોગને ટેકો આપવો જોઈએ તેવું સૂચન પણ કર્યું હતું.

**૫) ડો.દિનેશકુમાર સિંઘલ અને ડો.વૈશાલી તિવારી (2014)** A Study of the task group for Diamond sector to make India an International trading hub for Rough Diamonds શિર્ષક હેઠળનો પ્રસ્તુત અભ્યાસ ભારતને રફ ડાયમંડ માટે આંતરરાષ્ટ્રીય વેપારનું કેન્દ્ર બનાવવા અંગેનો ડાયમંડ સેક્ટર માટેના તાસ ગ્રુપનો અભ્યાસ છે.

પ્રસ્તુત અભ્યાસ ગૌણ માહિતી પર આધારિત છે, પ્રસ્તુત અભ્યાસ કુલ વૈશ્વિક વિકાસમાં ભારતનો હિસ્સો ઘટવા પામ્યો તે અંગેની માહિતી તપાસવાનો છે. સંશોધકના મતે વર્ષ 2011-12 અને 2012-13 દરમિયાન કટ અને પોલિશ્ડ હીરા બનાવવામાં અનુક્રમે 17% અને 36 % ઘટાડો નોંધાયો હતો. સંશોધકના મતે ભારતનો રત્ન અને ઝવેરાત ઉદ્યોગ અર્થતંત્રનો એક તેજસ્વી તારો છે, તેમજ દેશના નિકાસ આધારિત વિકાસના મહત્વના પાયામાંનો એક પાયો છે. ભારતીય હીરા ઉદ્યોગ મૂલ્યની દ્રષ્ટિએ વિશ્વના પુરવઠામાં **60%**, વોલ્યુમની દ્રષ્ટિએ **85%** અને કટ પોલિશ્ડ હીરાની દ્રષ્ટિએ **92%** ફાળો આપે છે, આમ સંશોધકે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય હીરા ઉદ્યોગના મહત્વની ચર્ચા કરી છે.

**૬) ઈન્દિરા હિરવે (2009)** ચમક ગુમાવી: ભારતમાં હીરાના કટ અને પોલિશ્ડ ઉદ્યોગ પર વૈશ્વિક કટોકટીની અસર શિર્ષક હેઠળના સંશોધન પત્રમાં સંશોધકે આ અભ્યાસ વૈશ્વિક કટોકટીની હીરા ઉદ્યોગ પર પડેલી અસરોને તપાસવા માટે હાથ ધર્યો હતો. તેઓનું વિશ્લેષણ ગૌણ માહિતી પર આધારિત હતું. પ્રસ્તુત અભ્યાસની ગૌણ માહિતી GJEPC, ચેમ્બર્સ ઓફ કોમર્સ અને અન્ય અગ્રણી ઉદ્યોગપતિઓ, શ્રમ અધિકારીઓ અને અગ્રણી મજૂર નેતાઓ સાથે થયેલી ઊંડાણપૂર્વકની ચર્ચાઓને ધ્યાનમાં લઈ એકત્રિત કરવામાં આવી હતી, તેમના મતે 2009માં કટ અને પોલિશ્ડ હીરાના એકમો 8000 હતા, જેમાં આઠ લાખથી દસ લાખ કામદારોને રોજગારી પ્રાપ્ત થઈ હતી તેમના મતે 80% એકમો ગુજરાત રાજ્યમાં હતા. પ્રસ્તુત અભ્યાસ આ એકમોમાં કામ કરતા કારીગરો અને નિયોજકો પર વૈશ્વિક કટોકટીની અસરોને લગતો હતો. તેમના તારણ મુજબ વૈશ્વિક કટોકટીની ભારતીય અર્થતંત્ર પર ખૂબ જ ઊંડી અસર થયેલી જોવા મળી હતી.

## સંશોધન સંબંધિત પ્રશ્નો

પૂર્વે થયેલા અભ્યાસ સંબંધિત મહત્વના સાહિત્યના અવલોકન અને પ્રાપ્ત માહિતીના આધારે અહીં કેટલાક પ્રશ્નો મહત્વના બને છે અહીં જે સંશોધન સંબંધિત પ્રશ્નો ઉપસ્થિત થાય છે તે નીચે પ્રમાણે છે.

1. શું વૈશ્વિક કક્ષાએ ભારતની જેમ્સ એન્ડ જ્વેલરીની નિકાસમાં વર્ષ 2023ની તુલનામાં 2024માં વૃદ્ધિ થઈ છે?
2. શું આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિલ્વર ઝવેલરીની નિકાસમાં 2023ની તુલનામાં 2024માં સુધારો થયો છે?
3. શું વૈશ્વિક સ્તરે હીરાની નિકાસમાં ભારતના સ્થાનમાં ફેરફાર થયો છે?
4. શું વૈશ્વિક સ્તરે લેબ ગ્રોન ડાયમંડની નિકાસના સ્થાનમાં પરિવર્તન આવ્યું છે?
5. શું આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગોલ્ડ જ્વેલરીની નિકાસમાં ભારતના સ્થાનમાં ફેરફાર થયો છે?
6. શું આંતરરાષ્ટ્રીય સ્તરે કલર જેમ સ્ટોનની નિકાસમાં ભારતના સ્થાનમાં ફેરફાર થયો છે?

## ❖ સંશોધનના હેતુઓ

1. આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય હીરા ઉદ્યોગની પરિસ્થિતિ કેવી છે? તે જાણવું.
2. આંતરરાષ્ટ્રીય સ્તરે કુલ નિકાસોમાં ભારતના હીરાની નિકાસનું પ્રમાણ કેટલું છે? તે જાણી શકાશે.
3. વૈશ્વિક સ્તરે ભારતીય જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રનો હિસ્સો કેવો છે તે જાણવુ.
4. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતીય સિલ્વર જ્વેલરીની નિકાસનું પ્રમાણ અને તેનો હિસ્સો કેટલો છે તે જાણી શકાશે.

5. વૈશ્વિક સ્તરે કુત્રિમ લેબગ્રોન હીરાની નિકાસ અંગેની માહિતી મેળવી શકાશે.
6. આંતરરાષ્ટ્રીય સ્તરે ગોલ્ડ જ્વેલરીની નિકાસમાં ભારતનું સ્થાન જાણી શકાશે.
7. કીમતી અને મુલ્યવાન ગણાતા ભારતીય કલર જેમ સ્ટોનની આંતરરાષ્ટ્રીય સ્તરે નિકાસ અંગેની શું સ્થિતિ છે? તે જાણી શકાશે.

## સંશોધન અભ્યાસ ક્ષેત્રની પસંદગી

પ્રસ્તુત સંશોધન અભ્યાસ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારતીય હીરા ઉદ્યોગનો વિકાસ અને વિસ્તાર અંગેનો છે જેની જાણકારી મેળવવા માટે જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ દ્વારા પ્રાપ્ત માહિતી માંથી વિવિધ દેશોનો હિસ્સો અને વિવિધ દેશોનું સ્થાન કેવું છે તે અંગેની માહિતી લેવામાં આવી છે.

## સંશોધન પદ્ધતિ

## માહિતીનો સ્ત્રોત

પ્રસ્તુત અભ્યાસ ગૌણ માહિતી પર આધારિત છે. ગૌણ માહિતી મુખ્યત્વે દસ્તાવેજી સ્ત્રોતોમાંથી મળે છે, આથી ગૌણ માહિતીને દસ્તાવેજી માહિતી તરીકે પણ ઓળખવામાં આવે છે. બધા જ પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ લખાણોને દસ્તાવેજો કહેવાય છે. આ દસ્તાવેજોની માહિતીને પરોક્ષ સ્ત્રોતો કહેવામાં આવે છે.


પ્રસ્તુત અભ્યાસ ગૌણ માહિતી પર આધારિત છે. સંશોધન અભ્યાસ સાથે સંબંધિત માહિતી પ્રાપ્ત કરવા માટે **Ministry of Commerce and Industry** ના એક વિભાગ **Gem and Jewellery Export Promotion Council** કે જેની સ્થાપના **Ministry of Commerce, Government of India** દ્વારા થયેલ છે. તેના પર મુખ્ય આધાર રાખવામાં આવ્યો છે.

## એકત્રિત માહિતીનું વિશ્લેષણ :

સૌપ્રથમ ગૌણ માહિતીનું સંપાદન કરી એકત્ર કરેલી માહિતીને કમ્પ્યુટર ટુલ્સ **Microsoft Excel**માં દાખલ કરવામાં આવી હતી. ત્યારબાદ આ માહિતીને વિવિધ ગ્રાફમાં રજૂ કરીને આલેખનો ઉપયોગ કરી મહત્વના તારણો મેળવવામાં આવ્યા છે.

## હીરાઉદ્યોગ અને ભારત

આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારતનો હીરાઉદ્યોગ ખૂબ જ પ્રતિષ્ઠિત અને વિદેશી હુંડિયામણ રળી આપનાર ગણાય છે વર્ષ 2023 પ્રમાણે વૈશ્વિક સ્તરે ડાયમંડની નિકાસમાં ભારતનો કુલ હિસ્સો 22.9% છે તેમજ હીરાની નિકાસ ક્ષેત્રે ભારતે 75.61 બિલિયન ડોલર સાથે વિશ્વમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. સુરત શહેર ડાયમંડ ઉદ્યોગની કટીંગ અને પોલીશિંગ માટે વિશ્વભરમાં જાણીતું છે. વિશ્વના રફ ડાયમંડ પૈકી પોલિશ્ડ થતા 10 હીરા માંથી **9** હીરા સુરતમાં જ તૈયાર થાય છે. વર્ષ **2023**માં ડાયમંડની નિકાસ અંગેની માહિતી નીચે દર્શાવેલ છે.





https:gjepc.org (GJEPC INDIA sponsored by Ministry of Commerce & Industry )

આંતરરાષ્ટ્રીય સ્તરે હીરાની કુલ નિકાસમાં ભારતનો હિસ્સો સૌથી વધુ જોવા મળે છે વિશ્વની કુલ નિકાસમાં 2023ના વર્ષમાં વૈશ્વિક સ્તરે  હીરાની નિકાસમાં અમેરિકાનો હિસ્સો 22%, હોંગકોંગનો હિસ્સો 17.9% UAE નો હિસ્સો 10.1% ઈઝરાયેલનો હિસ્સો 7.7 % અને બેલ્જિયમનો હિસ્સો 6% ટકા જોવા મળ્યો હતો, જ્યારે ચીનનો હિસ્સો 2.3% સ્વીટઝરલેન્ડનો હિસ્સો 1.9%, થાઈલેન્ડનો હિસ્સો 1.7% સાથે નવમા ક્રમે અને બોટસવાનાનો 1.5% હિસ્સો જોવા મળ્યો હતો.

વિશ્વની કુલ નિકાસમાં 2024ના વર્ષમાં વૈશ્વિક સ્તરે  હીરાની નિકાસમાં અમેરિકાનો હિસ્સો 22.3%, હોંગકોંગનો હિસ્સો 19.5% UAE નો હિસ્સો 3.7% ઈઝરાયેલનો હિસ્સો 9.1% અને બેલ્જિયમનો હિસ્સો 6.5% ટકા જોવા મળ્યો હતો, જ્યારે ચીનનો હિસ્સો 1.6% સ્વીટઝરલેન્ડનો હિસ્સો 2.5%, થાઈલેન્ડનો હિસ્સો 2.2% જોવા મળ્યો હતો. વર્ષ 2024 પ્રમાણે વૈશ્વિક સ્તરે ડાયમંડની નિકાસમાં ભારતનો કુલ હિસ્સો વધીને 25 % થયો હતો, તેમજ હીરાની નિકાસ ક્ષેત્રે ભારતે 54.86 બિલિયન ડોલર સાથે વિશ્વમાં ફરી પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

ભારતમાં આભૂષણોનું અનેરુ મહત્વ છે જોકે ભારતીય આભૂષણોની ઘણી ડિઝાઈન ધાર્મિક માન્યતા અને ધાર્મિક વિવિધતાઓ સાથે જોડાયેલી છે ભારતના હીરા પોલિશિંગ કરવાના ઉદ્યોગની શરૂઆત 1950 ના દાયકામાં થઈ હતી. અત્યારે ભારત એ દુનિયામાં હીરા કટ અને પોલિશિંગ કરવાનું હબ ગણાય છે. કોહીનુર, રીજન્ટ , સાંસે  અને હોપ જેવા વિખ્યાત હીરા ભારતમાંથી જ મળી આવ્યા હતા. ભારતમાં રફ હીરાની ખાણો મુખ્યત્વે મધ્યપ્રદેશ અને આંધ્ર પ્રદેશમાં આવેલ છે. ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રી એટલે સુંદરતા. સ્ત્રી પોતાની સુંદરતા વધારવા માટે આદિકાળથી જ્વેલરીમાં પથ્થર, હાથીના દાંત જેવા જાનવરના હાડકા, સાપની ચામડી વગેરેમાંથી બનતી વસ્તુઓ દ્વારા પોતાની સુંદરતામાં વધારો કરતી હતી. આ બધાનું સ્થાન સમયાંતરે સોનું, ચાંદી, પ્લેટીનીયમ, હીરા, માણેક અને પન્ના જેવી

કીમતી વસ્તુઓએ લીધું છે. આજના જમાનામાં જ્વેલરીને બચત તરીકે અને તત્કાળ રકમની જરૂર હોય ત્યાં કામ લાગે તેવા આશયથી પણ સ્ત્રીઓ રોકાણ કરે છે ભારત સમગ્ર દુનિયામાં જ્વેલરી બનાવવામાં અગ્રેસર રહ્યો છે. વિશ્વના જેમ્સ અને  જ્વેલરી અંગેની નિકાસમાં ભારતનો વર્ષ 2023 પ્રમાણે છઠ્ઠો ક્રમ આવ્યો હતો. વિશ્વની જેમ્સ અને જ્વેલરીની નિકાસમાં ભારતનો 3.6 ટકા હિસ્સો  જોવા મળ્યો હતો. વિશ્વના જેમ્સ અને જ્વેલરી અંગેની નિકાસમાં ભારતનો વર્ષ 2024 પ્રમાણે આઠમો ક્રમ આવ્યો હતો. વિશ્વની જેમ્સ અને જ્વેલરીની નિકાસમાં ભારતનો 3.2 ટકા હિસ્સો  જોવા મળ્યો હતો. વર્ષ 2023માં જેમ્સ અને જ્વેલરીની નિકાસ અંગેની માહિતી નીચે દર્શાવેલ છે.





https:gjepc.org (GJEPC INDIA sponsored by Ministry of Commerce & Industry )

વિશ્વના જેમ્સ અને જ્વેલરી નિકાસ ધરાવતા મુખ્ય 10 દેશોની નિકાસ અંગેની માહિતી ઉપરોક્ત આલેખમાં જોઈ શકાય છે. સ્વીટઝરલેન્ડ સૌથી વધુ જેમ્સ અને જ્વેલરીની નિકાસ કરતો દેશ છે. વર્ષ 2023 પ્રમાણે જેમ્સ અને જ્વેલરીની કુલ વૈશ્વિક નિકાસમાં સ્વીટઝરલેન્ડનો હિસ્સો 18.3% હતો. UAE નો 9.8%, હોંગકોંગનો 8.8%, UKનો 8.8%,  USAનો 8.3 ટકા જોવા મળ્યો હતો. જ્યારે ભારતે કુલ વૈશ્વિક નિકાસમાં 3.6% હિસ્સા સાથે છઠ્ઠો ક્રમ પ્રાપ્ત કર્યો હતો  જ્યારે ચાઈનાની નિકાસ 3.4%, કેનેડાની નિકાસ 3% રશિયાની નિકાસ ૨.૭ ટકા હતી, જ્યારે વિશ્વની જેમ્સ અને જ્વેલરીની નિકાસમાં જર્મનીનો 2.5% નિકાસ સાથે દસમો ક્રમ હતો.

વર્ષ 2024 પ્રમાણે જેમ્સ અને જ્વેલરી ની કુલ વૈશ્વિક નિકાસમાં સ્વીટઝરલેન્ડનો હિસ્સો 14.5% હતો. UAE નો 7.7%, હોંગકોંગનો 9.8%, UKનો 8.7% જોવા મળ્યો હતો. જ્યારે ભારતે કુલ વૈશ્વિક નિકાસમાં 3.2% હિસ્સા સાથે આઠમો  ક્રમ પ્રાપ્ત કર્યો હતો, જ્યારે ચાઈનાની નિકાસ વધીને ૩.૪  %, કેનેડાની નિકાસ વધીને ૩.૬  % હતી, જ્યારે વિશ્વની જેમ્સ અને જ્વેલરીની નિકાસમાં જર્મનીનો 2.૭ % નિકાસ થવા પામી હતી.

વૈશ્વિક સ્તરે ભારતે માત્ર હીરાની નિકાસમાં જ નહીં પરંતુ સિલ્વર જ્વેલરીની નિકાસમાં પણ વર્ષ ૨૦૨૩ માં  પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. ભારતની 2023માં સિલ્વર જ્વેલરીની નિકાસ 8.28 બિલિયન ડોલર સાથે સૌથી વધુ જોવા મળી

હતી. જયારે વર્ષ ૨૦૨4માં ભારતની સિલ્વર જ્વેલરીની નિકાસ ઘટીને 8.25 બિલિયન ડોલર થવા પામી હતી અને ભારતે દ્રિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. વર્ષ 2023માં સિલ્વર જ્વેલરીની નિકાસ અંગેની માહિતી નીચે દર્શાવેલ છે.




https:gjepc.org (GJEPC INDIA sponsored by Ministry of Commerce & Industry )

ઉપરોક્ત ગ્રાફમાં જોઈ શકાય છે કે વૈશ્વિક સ્તરે વર્ષ 2023માં સિલ્વર જ્વેલરી ની કુલ નિકાસમાં ભારતે સૌથી વધુ નિકાસ કરી હતી. વિશ્વની વર્ષ 2023 ની સિલ્વર જ્વેલરીની કુલ નિકાસમાં ભારતની 20.2% થાઈલેન્ડની 19.5 %, ઈટલીની 11.5 %, ચીનની 8.6% અને જર્મનીની 8.3% જેટલી નિકાસ જોવા મળી હતી, જ્યારે અમેરિકાની 7.1% , હોંગકોંગની 4.9 %, તુર્કીની 1.8 ટકા અને સ્પેનની 1.8 % જોવા મળી હતી. વિશ્વની વર્ષ 2024 ની સિલ્વર જ્વેલરીની ભારતની કુલ નિકાસ ઘટીને 14.2% થાઈલેન્ડની વધીને 23.1 %, ઈટલીની વધીને 11.7 %, ચીનની વધીને 8.7 % અને જર્મનીની 7.8 % જેટલી નિકાસ જોવા મળી હતી, જ્યારે અમેરિકાની નિકાસ 7.1 % , હોંગકોંગની 4.9 %, તુર્કીની 1.8 ટકા અને સ્પેન અને તર્કીની 1.8 % જોવા મળી હતી.

લેબ ગ્રોન ડાયમંડ એટલે "ઘણા કાર્બન પરમાણુઓનું સંયોજન કરીને લેબમાં તૈયાર કરવામાં આવેલા હીરા " લેબ ગ્રોન ડાયમંડને કૃત્રિમ હીરા તરીકે પણ ઓળખવામાં આવે છે, જે દેખાવે કુદરતી જેવા જ તૈયાર થાય છે સુરત શહેરમાં લેબ ગ્રોન હીરાનું મોટા પાયે ઉત્પાદન થાય છે લેબ ગ્રોન હીરા એ ઈકો ફ્રેન્ડલી છે છેલ્લા ચાર પાંચ વર્ષથી લેબ ગ્રોન હીરાનું ઉત્પાદન વધ્યું છે કુદરતી હીરાની સરખામણીએ લેબ ગ્રોન ડાયમંડનો વેપાર સારો એવો વધી રહ્યો છે આ પરિસ્થિતિ જ રહી તો ભવિષ્યમાં નેચરલ હીરા સામે વધુ પડકારો આવશે. ફ્રાન્સ સરકારે લેબ ગ્રોન ડાયમંડને સિન્થેટિક ડાયમંડ ગણાવ્યો હોવાથી ફ્રાન્સમાં કુદરતી હીરાની માંગ જળવાઈ રહેશે પરંતુ વાસ્તવમાં લેબ ગ્રોન ડાયમંડ અને સિન્થેટિક ડાયમંડ બંને અલગ છે.

લેબ ગ્રોન ડાયમંડ એ કુદરતી હીરા જેવું જ ક્રિસ્ટલ સ્ટ્રક્ચર અને કેમિકલનું કમ્પોઝિશન ધરાવે છે. લેબ ગ્રોન હીરા બનાવવાની બે રીતો છે એક હાઈ પ્રેશર હાઈ ટેમ્પરેચર (HPAT) ટેકનિક છે અને બીજી રીત કેમિકલ વરાળ કમ્પોઝિશન ટેકનીક છે આ બે ખૂબ જ અદ્યતન ટેકનિકો છે કે જે રાસાયણિક બંધારણ અને ગુણધર્મો સાથેના સ્ફટિકોનું નિર્માણ કરે છે.

ગુજરાતી વિશ્વકોશ પ્રમાણે સિન્થેટિક હીરો એટલે ગ્રેફાઈટ કાર્બનને ઉચ્ચ દબાણ અને તાપમાન આપીને તૈયાર કરવામાં આવેલ હીરો. આ હીરાના મુખ્ય ગુણધર્મો કુદરતી હીરાને બહુ જ મળતા આવે છે કુદરતી હીરા અને સિન્થેટિક હિરા વચ્ચેનો તફાવત હીરાનું કદ, આકાર અને શુદ્ધતાની દ્રષ્ટિએ પાડી શકાય છે રસાયણશાસ્ત્રી ગાયત્રી પ્રસાદ એચ ભટ્ટના મતે સિન્થેટિક હીરાનો

ઉપયોગ ટંગસ્ટન કાર્બાઈડ ટૂલનું ગ્રાઈડિંગ કરતાં વ્હીલોમા, અન્ય ધાતુ અંગેના કાર્યો માટે તેમજ નાની ઘડિયાળોના બેરિંગમાં થાય છે કુદરતી હીરા સિન્થેટિક હીરા કરતાં પ્રમાણમાં મોંઘા હોય છે સિન્થેટિક સ્ટોન ઔદ્યોગિક તેમજ જ્વેલરી એમ બંને ક્ષેત્રે ઉપયોગમાં લેવાય છે

સૌપ્રથમ કુત્રિમ હીરા બનાવવાનો શ્રેય સ્કોટીશ રસાયણશાસ્ત્રી જેમ્સ બેલેન્સ હેન્ડ્રીને જાય છે કે જેઓએ 1880 માં પેરિફિન બોન ઓઈલ અને લિથિયમને સીલ કરેલ લોખંડની ટ્યુબમાં ઊંચા તાપમાને ગરમ કરીને ડાયમંડ બનાવ્યા હતા, ત્યારબાદ 1893માં ફ્રેન્ચ રસાયણશાસ્ત્રી હેનરી મોસને પણ સિન્થેટિક હીરા તૈયાર કર્યા હતા. 19મી સદીમાં અમેરિકન ભૌતિકશાસ્ત્રી પર્મ વિલિયમ બ્રીડમેને ગ્રેફાઈટના ખુબ મોટા દબાણે સિન્થેટિક હીરા તૈયાર કરવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ તેમાં તેઓ નિષ્ફળ નિવડયા પછી આ કામ ન્યૂયોર્ક ખાતેની જનરલ ઈલેક્ટ્રીક કંપનીએ એક પ્રયોગમાં ગ્રેફાઈટને 3000 સેલ્સિયસના તાપમાન સુધી ગરમ કરી અને એટમોસ્ફિયર (10, 133 મેગા પાસ્કલ નું દબાણ) આપીને સિન્થેટિક ડાયમંડ બનાવ્યા, ત્યાર બાદ 1960 થી ઘણા દેશોમાં વ્યાપારી ધોરણે સિન્થેટિક હિરા બનાવવાનું શરૂ થયું.

આંતરરાષ્ટ્રીય કક્ષાએ કુદરતી હીરા તેમજ સિલ્વર જ્વેલરીની નિકાસમાં ભારત પ્રથમ ક્રમે છે તેવી જ રીતે લેબ ગ્રોન ડાયમંડ અને સિન્થેટિક સ્ટોન અંગેની નિકાસમાં પણ ભારત પ્રથમ ક્રમે આવે છે. ભારતે વર્ષ 2023માં 5.31 બિલિયન ડોલર સાથે લેબ ગ્રોન ડાયમંડ અને સિન્થેટિક સ્ટોન બનાવી વિશ્વમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

વિશ્વના લેબ ગ્રોન ડાયમંડ અને સિન્થેટિક સ્ટોન અંગેના ઉત્પાદનમાં ભારતનો 28.6 % હિસ્સો જોવા મળ્યો હતો. અન્ય દેશોનો હિસ્સો જોઈએતો હોંગકોંગનો 20.2 %, UAE નો 13.6 % અમેરિકાનો 12.2% અને ચીનનો 11.7 % હિસ્સો જોવા મળ્યો હતો જ્યારે થાઈલેન્ડનો 2.9% બેલ્જિયમનો 2.3 %, જાપાનનો 1.2% , રશિયાનો 0.9 % અને ઈઝરાયેલનો 0.7 %હિસ્સો જોવા મળ્યો હતો. વર્ષ 2023માં લેબ ગ્રોન ડાયમંડ અને સિન્થેટિક સ્ટોનની નિકાસ અંગેની માહિતી નીચે દર્શાવેલ છે.





https:gjepc.org (GJEPC INDIA sponsored by Ministry of Commerce & Industry )

ભારતે વર્ષ 2024માં પણ 4.55 બિલિયન ડોલર સાથે લેબ ગ્રોન ડાયમંડ અને સિન્થેટિક સ્ટોન બનાવી વિશ્વમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

વિશ્વના લેબ ગ્રોન ડાયમંડ અને સિન્થેટિક સ્ટોન અંગેના ઉત્પાદનમાં ભારતનો 30.8 % હિસ્સો જોવા મળ્યો હતો. અન્ય દેશોનો હિસ્સો જોઈએતો હોંગકોંગનો 21.5 %, UAE નો 10.2 % અમેરિકાનો 9.5 % હિસ્સો જોવા મળ્યો હતો જ્યારે થાઈલેન્ડનો 3.6.%, બેલ્જિયમનો 1.1 %, જાપાનનો 1.7 % હિસ્સો જોવા મળ્યો હતો.

વૈશ્વિક સ્તરે ગોલ્ડ જ્વેલરીની નિકાસમાં ભારત પાંચમા ક્રમે હતો. વર્ષ 2023માં ભારતે ગોલ્ડ જ્વેલરીની નિકાસ ક્ષેત્રે 113.19 બિલિયન યુએસ ડોલરની નિકાસ સાથે વિશ્વમાં પાંચમો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. વર્ષ 2023માં કુલ વૈશ્વિક ગોલ્ડ જ્વેલરીની નિકાસમાં ભારતનો 8.1% હિસ્સો જોવા મળ્યો હતો.

વર્ષ 2024માં વૈશ્વિક સ્તરે ગોલ્ડ જ્વેલરીની નિકાસમાં ભારતની નિકાસ વધવા પામી હતી અને પાંચમા ક્રમમાં સુધારો થઈને તૃતીય કર્મ પ્રાપ્ત કર્યો હતો. વર્ષ 2024માં ભારતે ગોલ્ડ જ્વેલરીની નિકાસ ક્ષેત્રે 121.67 બિલિયન યુએસ ડોલરની નિકાસ સાથે વિશ્વમાં તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. વર્ષ 2023માં કુલ વૈશ્વિક ગોલ્ડ જ્વેલરીની નિકાસમાં ભારતનો 9.1 % હિસ્સો જોવા મળ્યો હતો. વર્ષ **2023**માં ગોલ્ડ જ્વેલરીની નિકાસ અંગેની માહિતી નીચે દર્શાવેલ છે.





https:gjepc.org (GJEPC INDIA sponsored by Ministry of Commerce & Industry )

ઉપરોક્ત ગ્રાફમાં જોઈ શકાય છે કે વર્ષ **2023**માં ગોલ્ડ જ્વેલરીની સૌથી વધુ નિકાસ UAE કરી હતી. UAEનો વૈશ્વિક સ્તરે ગોલ્ડ જ્વેલરીની નિકાસમાં 11.4% હિસ્સો હતો. સ્વિટ્ઝરલેન્ડનો 10.8% , ચીનનો 10.7% અમેરિકાનો 8.6% અને ભારતનો 8.6 %હિસ્સો જોવા મળ્યો હતો. જ્યારે હોંગકોંગનો 8.2%, ઈટલીનો 7.8% તુર્કીનો 6.4 ટકા ફ્રાન્સનો 5.2% અને ઈન્ડોનેશિયાનો 4.2 ટકા હિસ્સો જોવા મળ્યો હતો. વર્ષ ૨૦**24**માં ગોલ્ડ જ્વેલરીની સૌથી વધુ નિકાસ ઈટલીએ કરી હતી. ઈટલીનો વૈશ્વિક સ્તરે ગોલ્ડ જ્વેલરીની નિકાસમાં 12.2 % હિસ્સો હતો. સ્વિટઝરલેન્ડનો 11.1%, ચીનનો 9.0% અમેરિકાનો 9.7% અને ભારતનો 9.1 %હિસ્સો જોવા

મળ્યો હતો. જ્યારે હોંગકોંગનો 8.0%, તુર્કીનો 3.4%, ફ્રાન્સનો 5.9 % અને ઈન્ડોનેશિયાનો 4.2ટકા હિસ્સો જોવા મળ્યો હતો

આધુનિક સમયમાં ભારતમાં કલર જેમ સ્ટોનનું પણ બજાર વિસ્તરેલું છે. આધુનિક આભૂષણોમાં કલર જેમ સ્ટોન નું પ્રભુત્વ પણ ધીરે ધીરે વધતું જોવા મળ્યું છે વૈશ્વિક સ્તરે કલર જેમ સ્ટોનની નિકાસમાં પણ ભારત પ્રખ્યાત છે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનો હિસ્સો 4 % જોવા મળે છે વિશ્વમાં કલર જેમ સ્ટોન અંગેની નિકાસમાં ભારત છઠ્ઠા ક્રમ પર આવે છે.

જયારે, વર્ષ 2024 પ્રમાણે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનો હિસ્સો 4 % જોવા મળ્યો હતો. વિશ્વમાં કલર જેમ સ્ટોન અંગેની નિકાસમાં ભારત ક્રમમાં સુધારો થઈને ચોથા ક્રમ પ્રાપ્ત કર્યો હતો.




https:gjepc.org (GJEPC INDIA sponsored by Ministry of Commerce & Industry )

ઉપરોક્ત આલેખમાં જોઈ શકાય છે કે વર્ષ 2023માં કલર જેમ સ્ટોનની નિકાસમાં અમેરિકા 25% હિસ્સો ધરાવતો હતો જ્યારે હોંગકોંગ 19.9%, થાઈલેન્ડ 15.3%, સ્વીટઝરલેન્ડ 6.1 %, UAE 5.1 ટકા અને ભારતનો 4 % હિસ્સો જોવા મળ્યો હતો, જયારે સિંગાપોરનો 2.9%, જર્મનીનો 2.4 % ઈટલીનો 2.2% અને ઈઝરાયેલનો 2.1% હિસ્સો જોવા મળ્યો હતો. આમ, આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય હીરા ઉદ્યોગ દેશને વિદેશી હુંડીયામણ રળી આપતો ખુબજ મહત્વનો ઉદ્યોગ છે.

જયારે, વર્ષ 2024માં કલર જેમ સ્ટોનની નિકાસમાં અમેરિકા 27.5% હિસ્સો ધરાવતો હતો જ્યારે હોંગકોંગ 17.8%, સ્વીટઝરલેન્ડ 7.5 % અને ભારતનો 4 % ટકા હિસ્સો જોવા મળ્યો હતો, જયારે સિંગાપોરનો 2.7 %, જર્મનીનો 2.3 % ઈટલીનો 1.8% અને ઈઝરાયેલ નો 2.1% હિસ્સો જોવા મળ્યો હતો. આમ, આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય હીરા ઉદ્યોગ ભારત દેશને વિદેશી હુંડીયામણ રળી આપતો ખુબજ મહત્વનો ઉદ્યોગ છે.

## સંશોધન અભ્યાસના મુખ્ય તારણો :

- આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારતનો હીરા ઉદ્યોગ ખૂબ જ પ્રતિષ્ઠિત અને વિદેશી હુંડિયામણ રળી આપનાર ગણાય છે. વર્ષ 2023 પ્રમાણે વૈશ્વિક સ્તરે ડાયમંડની નિકાસમાં ભારતનો કુલ હિસ્સો 22.9% છે તેમજ હીરાની નિકાસ ક્ષેત્રે ભારતે 75.61 બિલિયન ડોલર સાથે વિશ્વમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો, જયારે વર્ષ 2024માં 54.86 બિલિયન ડોલર નિકાસ સાથે વિશ્વમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો
- વિશ્વના જેમ્સ અને જ્વેલરી અંગેની નિકાસમાં ભારતનો વર્ષ 2023 પ્રમાણે છઠ્ઠો ક્રમ આવ્યો હતો. વિશ્વની જેમ્સ એન્ડ જ્વેલરીની નિકાસમાં ભારતનો 3.6 ટકા હિસ્સો જોવા મળ્યો હતો. જયારે વર્ષ 2024માં જેમ્સ અને જ્વેલરીની 945.24 બિલિયન ડોલરના નિકાસ સાથે વિશ્વમાં આઠમો ક્રમ પ્રાપ્ત કર્યો હતો.
- વૈશ્વિક સ્તરે ભારતે માત્ર હીરાની નિકાસમાં જ નહીં પરંતુ સિલ્વર જ્વેલરીની નિકાસમાં પણ વર્ષ ૨૦૨૩માં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. ભારતની 2023માં સિલ્વર જ્વેલરીની નિકાસ 8.28 બિલિયન ડોલર સાથે સૌથી વધુ જોવા મળી હતી, તેમજ વર્ષ 2024માં 8.5 બિલિયન ડોલરના નિકાસ સાથે વિશ્વમાં બીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો.
- આંતરરાષ્ટ્રીય કક્ષાએ કુદરતી હીરા તેમજ સિલ્વર જ્વેલરીની નિકાસમાં ભારત પ્રથમ ક્રમે છે તેવી જ રીતે લેબ ગ્રોન ડાયમંડ અને સિન્થેટિક સ્ટોન અંગેની નિકાસમાં પણ ભારત પ્રથમ ક્રમે આવે છે. જયારે વર્ષ 2024માં લેબ ગ્રોન ડાયમંડ અને સિન્થેટિક સ્ટોન અંગેની નિકાસમાં 4.55 બિલિયન ડોલરના નિકાસ સાથે વિશ્વમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો.
- વૈશ્વિક સ્તરે ગોલ્ડ જ્વેલરીની નિકાસમાં ભારત પાંચમા ક્રમે હતો. વર્ષ 2023માં ભારતે ગોલ્ડ જ્વેલરીની નિકાસ ક્ષેત્રે 113.19 બિલિયન યુએસ ડોલરની નિકાસ સાથે વિશ્વમાં પાંચમો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. જયારે વર્ષ 2024માં ભારતે ગોલ્ડ જ્વેલરીની નિકાસ ક્ષેત્રે 121.67 બિલિયન ડોલરના નિકાસ સાથે વિશ્વમાં તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો.
- વૈશ્વિક સ્તરે કલર જેમ સ્ટોનની નિકાસમાં પણ ભારત પ્રખ્યાત છે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનો હિસ્સો 4 % જોવા મળે છે વિશ્વમાં કલર જેમ સ્ટોન અંગેની નિકાસમાં વર્ષ 2023માં ભારત છઠ્ઠા ક્રમ પર આવ્યો હતો, જયારે વર્ષ 2024માં કલર જેમ સ્ટોનની નિકાસમાં 4.55 બિલિયન ડોલરના નિકાસ સાથે વિશ્વમાં ચતુર્થ ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

## સંશોધન સંબંધિત નીતિવિષયક સૂચનો

1. હીરા ઉદ્યોગનો વિકાસ વધે તો દેશની રોજગારીમાં વધારો કરી શકાય.
2. હીરા ઉદ્યોગ અઢળક વિદેશી હુંડિયામણ રળી આપતો હોવાથી નિકાસ અંગે સરકારના પ્રોત્સાહક પગલાં દ્વારા નિકાસ કમાણીમાં વૃદ્ધિ કરી શકાય છે.

3. હીરા ઉદ્યોગના નિકાસકારો માટે વિવિધ પ્રોત્સાહક પગલાં લઈ શકાય જેથી નિકાસ વધતા દેશની રાષ્ટ્રીય આવકમાં વધારો કરી શકાય.
4. હીરા ઉદ્યોગ દ્વારા થતી નિકાસો પરના કરના દર ઘટાડી નિકાસકારોને પ્રોત્સાહન આપી શકાય.
5. હીરાની નિકાસમાં ભારતનો પ્રથમ ક્રમ આવે છે તેવી જ રીતે જ્વેલરી અને ગોલ્ડ ની નિકાસ માટે સરકાર પ્રોત્સાહનમાં વધારો કરે તો નિકાસ વધી શકે છે.
6. વૈશ્વિક સ્તરે વર્તમાનમાં લેબ ગ્રોન ડાયમંડ અને સિન્થેટિક ડાયમંડની માંગ વધી હોવાથી સરકારશ્રી દ્વારા નવ પ્રવર્તનો અને નવા બજારોની શોધ કરવામાં પ્રોત્સાહન પૂરું પાડી દેશની લેબ ગ્રોન અને સિન્થેટિક હીરાની નિકાસ વધે તેવા પ્રયત્ન કરી શકાય.

## References:


I. જા, મુરલીધર,તોમર, મનીષ (2007) હીરો શું છે? ડાયમંડ એજ્યુકેશન બિયોન્ડ, પાના નંબર 7, 40, 41.

II. પ્રો. શાહ એ.જી , પ્રો. દવે જે. કે, (1974 )સંશોધન પદ્ધતિઓ, અનડા પ્રકાશન.

III. ડો. ઈન્દુરાવ (2007) "પોલીશિંગ સસ્તુ પડે એટલે હીરો એન્ડવર્પ થી સુરત આવી ગયો" સીટી ભાસ્કર, સુરત. આવૃત્તિ પેજ નંબર 4,

IV. ગુજરાતી વિશ્વ કોષ -સંશોધન અને સમૃદ્ધિ થી સંસ્કાર અને માનવ વર્તન, 15 એપ્રિલ, 2025 .

V. "સંશ્લેષિત હીરો " રસાયણશાસ્ત્રી ગાયત્રી પ્રસાદ એચ ભટ્ટ, જાન્યુઆરી 2007.(ગુજરાતી વિશ્વ કોષ -સંશોધન અને સમૃદ્ધિ થી સંસ્કાર અને માનવ વર્તન 15 એપ્રિલ 2025) .

VI. હીરા ઉદ્યોગના કારીગરો અને નિયોજકોની આવક, ખર્ચ અને જીવન ધોરણનો અભ્યાસ સુરત શહેરના સંદર્ભમાં(૨૦૧૯) ડો.અસ્મિતાબેન ભાવચંદભાઈ ખાત્રાણી.


## Web site:


I. www.gjepc.org
II. www.allaboutgemstones.com
III. www.suratmunicipal.gov.in